# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા ખાતે એક-દિવસીય ખેડૂત તાલીમ યોજાઈ

મધ્ય ગુજરાતનાં મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે તેમજ મકાઈની વિવિધ જાતો વિષે તેમજ મકાઇની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિષે ખેડૂત-મિત્રો જાણતા થાય તે હેતુસર મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા એલેમ્બિક ફાઉન્ડેશન (સી.એસ.આર) પ્રોજેક્ટ, હાલોલના સહયોગથી તા.૦૬/૦૬/૨૦૨૩ ના રોજ હાલોલ તાલુકાના વિવિધ ગામોના ખેડૂત-ભાઈઓ માટે એક-દિવસીય ખેડૂત તાલીમનું આયોજન અત્રેના કેન્દ્ર ખાતે કરવામાં આવેલ હતું.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા તેમજ તેનો બહોળો પ્રચાર થાય એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા માટે સદર ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૪૦ થી ૪૫ જેટલા ખેડૂત-ભાઈઓએ તાલીમ લીધેલ હતી. આ ખેડૂત તાલીમમાં કેન્દ્રના યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ.એમ.બી.પટેલ (પ્લાન્ટ બ્રિડર) એ મકાઈની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતોની માહિતી આપી હતી તેમજ ખેડૂતોને પોતાનું/દેશી જાતનું બિયારણ વાપરવાના બદલે યુનિવર્સિટીની સંકર જાતોનું બિયારણ વાપરવા અંગે ભાર મુકેલ હતો. ડો.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પ્લાન્ટ બ્રિડર) દ્વારા મકાઇના હાઇબ્રીડ બિયારણ ઉત્પાદન અંગે વિસ્તૃતમાં માહિતી આપી હતી.

શ્રી.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રાસાયણિક ખાતર પાછળ થતો ખર્ચ ઘટાડવા વિષે વિસ્તૃતમાં માહિતી આપી હતી. શ્રી.કે.એચ.પટેલે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઈમાં રસાયણિક ખાતરના કાર્યક્ષમ ઉપયોગ અંગે તેમજ નીંદામણ નિયંત્રણ કરવા પર ભાર મુકેલ હતો. ડૉ.એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટકશાસ્ત્રી) દ્વારા મકાઈમાં આવતી નવી જીવાત લશ્કરી ઇયળ (પૂછડે ચાર ટપકા વાળી) ની ઓળખ તેમજ મકાઇમાં આવતા રોગો અને તેના સંકલિત નિયંત્રણ અંગે વિગતવાર માહિતી આપેલ હતી. કાર્યક્રમની અંતે યુવા ફિલ્ડ-ઓફિસરોના ખેતીને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું તેમજ ફિલ્ડ-વીઝીટ કરી હતી.




